જીઆઈપીએસ ખાતે

# શાસ્ત્રોક્ત સરસ્વતી પૂજન દ્વારા દ્વિતીય સત્રનો પ્રારંભ



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં ગુરુવારના રોજ શાસ્ત્રોક્ત વૈદિક વિધિ દ્વારા સરસ્વતી પૂજન કરી દ્વિતિય સત્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓના સાંનિધ્યમાં શાળાના ટ્રસ્ટી, ડાયરેક્ટર, આચાર્ય તેમજ સર્વ શિક્ષક ગણની સાથે સાથે શાળા પરિવારના દરેક સભ્યએ પૂજા કરી આનંદ તેમજ ઉત્સાહની લાગણી અનુભવી હતી. વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની કામના હેતુ આધ્યાત્મિક કાર્યો કરવામાં આવ્યું હતું, જેના દ્વારા શાળા પ્રાંગણમાં પવિત્ર વાતાવરણની અનુભૂતિ થઈ હતી.

દિલ્હી પબ્લિક સ્કૂલ,ગાંધીનગર દ્વારા બાળ-દિન નિમિત્તે

# શિક્ષકો દ્વારા વિશિષ્ટ પ્રાર્થનાસભાનું આયોજન




ગાંધીનગર, તા. ૧૪

આ વર્ષે બાળ-દિનની વિશિષ્ટ ઉજવણીના ભાગરુપે શાળાના શિક્ષકો દ્વારા છાત્રોને મનોરંજન દ્વારા જ્ઞાન પીરસતા વિભિન્ન કાર્યક્રમો પ્રાર્થનાસભામાં યોજ્યા હતા, જેમાં અત્યારના સમયના ''બુલીંગ અને રેગીંગ'' જેવા ચિંતાજનક વિષયને એક લઘુનાટિકા દ્વારા રજૂ કરીને તેની નકારાત્મક અસરોથી બાળકોને અવગત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિભિન્ન નૃત્ય,ગીત અને પેપે-ટોક દ્વારા બાળદિનને સાર્થક બનાવવાનો યત્ન કરાયો હતો. આચાર્ય અતનુ રથે શિક્ષકોના આ પ્રયત્નને વધાવી લેતાં બાળકોને જીવનમાં શિસ્ત,અનુશાસન અને કર્તવ્યભાવનાનું કેટલું મહત્ત્વ છે, તે સમજાવ્યું હતું.

## જન્મદિને વધામણી



**ચંદ્રકાન્તભાઈ વસંતભાઈ ખરસાણી**
જ્યોતિષી
મો. ૬૩૫૪૯ ૪૬૪૫૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક




વર્લ્ડ ડાયાબિટીસ ડે નિમિત્તે લાયન્સ ઈન્ટરનેશનલ પ્રેરિત લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર તથા ડિસ્ટ્રીક્ટ ઍનસીડી સેલ દ્વારા મેગા ચૅક-અપ કૅમ્પનું આયોજન ઍસ ટી ડૅપો, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. ઍસટીના ડ્રાઈવર, કંડક્ટર, મિકેનીક, સ્ટાફ તથા જાહેર જનતાને આ કૅમ્પનો લાભ આપવામાં આવ્યો હતો. ડાયાબિટીસ અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ પણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હતો.

# આરાધના વિદ્યાવિહારમાં બાળદિવસની ઉજવણી



વેદ ગ્રૂપ સંચાલિત આરાધના વિદ્યાવિહાર દ્વારા બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને જાદુગરના માધ્યમથી અંધશ્રદ્ધા દૂર કરવાની શિખ આપી વિજ્ઞાનનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. આ ઉપક્રમથી વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે ગમ્મત માણવાની તક પ્રાપ્ત થઈ હતી.

## સોમનાથમાં રાત્રે ૧૨ના ટકોરે શિવજીએ ચંદ્રને મસ્તક પર ધારણ કર્યો

ગાંધીનગર, તા. ૧૪

મંગળવારે દેવદિવાળી એટલે કે કાર્તિકી પુર્ણિમાએ એક અલૌકિક ઘટના બની હતી. કાર્તિકી પુર્ણિમાને લોકો ત્રિપુરારી પુનમ તરીકે પણ ઓળખે છે, ત્યારે દેશભરના અનેક મંદિરોમાં ભક્તોની ભીડ જામી હતી. ત્યારે ગુજરાતના સોમનાથ મંદિરમાં પણ ભક્તોની ભારે ભીડ જામી હતી. વર્ષમાં એકવાર બનતો સંયોગ જે વાસ્તવમાં ભૂગોળશાસ્ત્રની એક ઘટના છે, પણ શ્રદ્ધાળુઓને તેણે આસ્થાની નજરે નિહાળે છે.

કાર્તિકી પૂનમના દિવસે ખાસ ભગવાન સોમનાથ ચંદ્રને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. શાસ્ત્રોક્ત રીતે જ્યારે ચંદ્રમાં ભગવાન ભોળાનાથ ઉપર બિરાજે છે ત્યારે થોડીક ક્ષણો માટે અમૃતની વર્ષા થતી હોવાની આસ્થા છે. ત્યારે છેલ્લા કેટલાય વર્ષો અનેક શિવભકતો દૂરદૂરથી આવીને આ મધ્યરાત્રિએ સોમનાથ ખાતે અચૂક આવે છે.

મંગળવારે સોમનાથ મંદિરમાં લાખો ભક્તો પહોંચ્યા હતા, જ્યાં મધ્ય રાત્રિએ ભકતોએ સોમનાથમાં મહાઆરતી અને મંદિરના માથે બિરાજેલા ચંદ્રના દર્શન કરી ધન્ય બન્યા હતા. મંગળવારે રાત્રે કૃતિકા નક્ષત્રમાંથી પસાર થતાં ચંદ્રદેવ સોમનાથ મહાદેવના શિખર પર શોભાયમાન બન્યા, ત્યારે આ અલૌકિક ઘટના નિહાળી ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

ભૂગોળશાસ્ત્રમાં કાર્તિકી પૂનમના દિવસે રાત્રે ૧૨ કલાકે કૃતિકા નક્ષત્રમાંથી ચંદ્ર પસાર થાય છે. ત્યારે વર્ષમાં એક જ વખત ભગવાન સોમનાથ ચંદ્રને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. રાત્રે ૧૨ના ટકોરે આ દ્રશ્ય અલૌકિક તેમજ અદભૂત બની રહ્યું હતું. ચંદ્ર મહાદેવ ઉપર બિરાજે છે ત્યારે રાત્રિએ સોમનાથ મંદિરમાં આરતી થાય છે.

# ઍસ.વી.- ઍસ.જી.અંગ્રેજી માધ્યમ શાળાના શિક્ષકો માટે તાલીમ યોજાઈ



એસ.વી. પ્રાથમિક શાળામાં એસ.જી અને એસ.વી. પ્રાયમરી શાળાના ૩૫ શિક્ષકોની તાલીમ યોજાઈ હતી. આ તાલીમનો મુખ્ય વિષય 'વાર્તા કથન' હતો. શિક્ષકો નૂતન પ્રવાહોથી માહિતગાર થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન થયું હતું. યોગિતાબેન, આહુજાબેન અને દિપાલીબેન દ્વારા ટ્રેનર તરીકે સેવાઓ આપવામાં આવી હતી. શિક્ષકોએ ઉત્સાહથી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી નિમિત્તે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે


# ગાંધીજીના જીવન વિષયક ગ્રંથોનું પ્રદર્શન



રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અને મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ૧૪થી ૨૦ નવેમ્બર દરમિયાન ગાંધીજીના જીવન વિષયક ગ્રંથોનું પ્રદર્શન રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાચનનું જીવનમાં મહત્ત્વ અને ગાંધીજીના જીવન ચરિત્ર વિશે ગ્રંથપાલ ડૉ. પંકજ ગોસ્વામી અને કર્મચારીઓએ મુલાકાતીઓ, વાચકોને માહિતગાર કર્યા હતા.

શારીરિક શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સાદરા અને કલ્યાણપુરામાં

# મલેરિયા-ચિકનગુનિયા-ડેન્ગ્યુ નાબુદી-જાગૃતિ અભિયાન



ગાંધીનગર, તા. ૧૪

ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દી વર્ષની ઉજવણી અંતર્ગત શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સાદરા અને કલ્યાણપુરામાં મલેરિયા, ચિકનગુનિયા તથા ડેન્ગ્યુ નાબુદ જાગૃત્તિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકો દ્વારા પોતાના પરિસરમાં અને ગૂજરાત વિદ્યાપીઠના બીજા પરિસર જેવા કે પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર અને સૂક્ષ્મ વિજ્ઞાન વિભાગ પરિસરમાંથી આ અભિયાનની શરૂવાત કરવામાં આવી હતી પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર, ડાભોડા અને ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત સાદરા આરોગ્ય કેન્દ્રના સહયોગથી આ કામગીરી કરવામાં આવી હતી. સૌથી પેહલા પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર, ડાભોડા અને ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત સાદરા આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર જસ્સુભાઈ પ્રજાપતિ અને મેડીકલ ઓફિસર ડૉ. નૈનેશભાઈ વસાવા દ્વારા લગભગ ૧૦૦ સ્વયંસેવકોને મલેરિયા, ચિકનગુનિયા તથા ડેન્ગ્યુ નાબુદ માટેની યોગ્ય તાલીમ આપવામાં આવી હતી. પછી સ્વયંસેવકો દ્વારા વિવિધ ટુકડીઓમાં વિભાજીત થઈ આખા સાદરા ગામ અને કલ્યાણપુરા ગામમાં મલેરિયા, ચિકનગુનિયા તથા ડેન્ગ્યુ નાબુદ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. તેમણે દરેક ઘરમાં જઈ પાણી કઈ કઈ જગ્યા એકત્રિત થઈ મચ્છરો પેદા કરે છે તેની તપાસ કરી હતી અને પેદા થયેલા મચ્છરોના ઈંડા અને પોરાનું નાશ કરવામાં આવ્યો હતો. વ્યક્તિગત રીતે આપણે કેવી રીતે પોતાને અને પરિવારના અન્ય સભ્યોને મલેરિયા, ચિકનગુનિયા તથા ડેન્ગ્યુથી બચાવી શકીએ તેની માહિતી ગ્રામજનોને આપવામાં આવી હતી અને દરેક પરિવારનો સર્વે પણ કરવામાં આવ્યો હતો.

આ સરસ પ્રવૃત્તિને સંસ્થાના ડીન પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રાએ બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય નિષ્ણાત તરીકેની ભૂમિકા ડો. નૈનેશભાઈ વસાવા અને ડાભોડા પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રના જસ્સુભાઈ પ્રજાપતિ, સાદરા પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રના રાહુલ કુમાર સગર, ડાભોડા પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રના ધવલભાઈ વ્યાસ, વિરલભાઈ મોદી અને દોલારાણા વાસણા પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રના પિયુષભાઈ પરમાર અને મુકેશભાઈ રહેવરે નિભાવી હતી.

ઈન્ટરનેશનલ વુમન ગ્રાન્ડ માસ્ટર ચેમ્પિયનશિપમાં

# ભારતીય ખેલાડી આકાંક્ષા હગવાનેની વિજય તરફ કૂચ



સ્પોર્ટ્સ ક્લબ, નારણપુરા ખાતે એઆઈસીએફ ઈન્ટરનેશનલ વુમન ગ્રાન્ડમાસ્ટર રાઉન્ડ રોબીન ચેસ ટુર્નામેન્ટ-૨૦૧૯નું આયોજન ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન દ્વારા કરવામાં આવ્યું છે. પાંચમાં રાઉન્ડનાં અંતે ભારતની આકાંક્ષા હગવાને (રેટીંગ ૨૨૨૭) ૪ પોઈન્ટ સાથે ટુર્નામેન્ટમાં સરસાઈ ભોગવી રહી છે. આકાંક્ષાએ ભારતની જ એક અન્ય ખેલાડી તનીશ્કા કોટીયા (રેટીંગ ૧૯૦૯)ને પાંચમાં રાઉન્ડમાં હરાવી આ સિધ્ધી હાંસલ કરેલ છે. ટુર્નામેન્ટના છઠ્ઠા રાઉન્ડમાં આકાંક્ષાનો મુકાબલો વિયેતનામની ખેલાડી ન્યુલ થી માઈ સાથે થશે. પાંચમાં રાઉન્ડના અંતે ભારતની આકાંક્ષા હગવાનો ૪ પોઈન્ટ સાથે પ્રથમ સાથે રહી હતી જયારે ભારતની જ એક અન્ય ખેલાડી પ્રત્યુશા બોડા ૩.૫ પોઈન્ટ સાથે બીજા ક્રમાંકે રહી હતી. બેબી ઓલ્ગા (યુક્રેન)ની ખેલાડી ૩.૫ પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે રહી હતી. તા.૧૮-૧૧-૨૦૧૯ના રોજ પુરી થનારી આ ટુર્નામેન્ટમાં કુલ રૂા.૧૦ લાખના રોકડ ઈનામો વહેંચાવમાં આવશે.